ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૧૨-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### ગીતા : રાષ્ટ્રની સર્વોચ્ચ આધ્યાત્મિક ધરોહર

શ્રીમદ્ ભગવદ્ગીતા એ ભારતીય ફિલસૂફીનું ગુરુ શિખર છે. મહર્ષિ વેદવ્યાસ દ્વારા રચિત 'મહાભારત' વિશ્વનું શ્રેષ્ઠ મહાકાવ્ય છે. ગીતા એના 'ભીષ્મ પર્વ' માં આવતા સાતસો શ્લોકોનો રૂપકડો સમુચ્ચય છે, જે માનવ-જીવનના પડકારો માટેની ગુરુ ચાવી લેખે સર્વ સ્વીકૃત બનેલ છે. ગીતાએ ફક્ત ભારતીય મૂળના મહાપુરૂષોને જ નહીં, બલકે જગતભરના વિદ્વાનોને આકર્ષ્યા છે. એમને માટે એ સંકટ સમયની સાંકળ સાબિત થયેલ છે. મહાત્મા ગાંધી જેવા યુગપુરૂષે એમાંથી ડગલેને પગલે માર્ગદર્શન મેળવ્યું છે. એવો કોઇ પ્રશ્ન નથી જેનો ગીતા પાસે જવાબ ન હોય. આવી ગીતા ઉપર જ્ઞાનેશ્વરથી લઇ લોકમાન્ય ટિળક અને સંત વિનોબાથી લઇ સ્વામી અડગડાનંદનાં ભાષ્યો મળે છે. વિશ્વની તમામ ભાષાઓમાં ઊતરેલ આ ભારતીય સંસ્કૃતિનું નમણું નજરાણું એની પાંચ હજાર એકસો એકાવનમી જયંતીએ પણ એટલું જ પ્રાસંગિક હોય તો એનું પ્રત્યેક ભારતીય નાગરિકને મન ગૌરવ હોય તે સ્વાભાવિક છે. ગીતાને 'રાષ્ટ્રીય ગ્રંથ' જાહેર કરવાના કોઇ સરકારી હુકમની જરૂર ન હોય. એ રાષ્ટ્રીય નહીં, આંતરરાષ્ટ્રીય ગ્રંથ તરીકે પોંખાઇ ચૂકેલો ગ્રંથ છે. એને એકલા ભારતીયોની માલિકીની જણસ ગણીશું તોય ભીંત ભૂલ્યા ગણાઇશું. એ સમસ્ત માનવજાતિને મળેલી ઇશ્વરીય ભેટ છે, એટલે એના પર એવા હક દાવા ન કરાય. શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદ સ્વરૂપે પ્રગટેલી ગીતાનું નામ 'ભગવદ્ ગીતા' એટલા જ કારણસર પડ્યું - કારણ કે એને સ્વયં ભગવાને ગાયેલી છે. ગીતા માહાત્મયના ગાનારા તો એને ચારે વેદોનો સાર, અર્ક ગણે છે. એ કહે છે : ગીતાનું જ સુપેરે ગાન કરવું ઘટે. અન્ય શાસ્ત્રો ફેંદવાની શી જરૂર છે? ગીતા તો સાક્ષાત્ પદ્મનાભ - ભગવાન કૃષ્ણના મુખપદ્મમાંથી પ્રસરી છે. ગીતા પ્રેરણા મહોત્સવમાં ઉપસ્થિત રહેવા વિદેશમંત્રી શ્રીમતી સુષમા સ્વરાજે જાહેરમાં સ્વીકાર્યું છે કે એમને વિદેશમંત્રી તરીકે આવી પડતા પડકારોનો સામનો કરવાનું બળ ગીતામાંથી મળતું જ રહે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જે કોઇ વિદેશી મહાનુભાવને મળે છે એમને ભારતીય સંસ્કૃતિની અનુપમ ભેટ લેખે ગીતાનો ગ્રંથ અર્પણ કરે છે. ગીતાને માત્ર હિંદુઓના ધર્મગ્રંથ તરીકે ખતવી નાખવી એ એની મહત્તાને મર્યાદિત બનાવી દેવા જેવું છે. ગીતાનો આંતરરાષ્ટ્રીય સ્તરે મહિમા થાય તે જરૂરી છે અને થવો જ જોઇએ. પરંતુ એનો ભળતો જ ઉપયોગ રાજકારણના રોટલા શેકવામાં ન થાય તે મુદ્દે જાગ્રત રહેવાની દરેક ભારતીય નાગરિકની અને ભારત સરકારની ફરજ બની રહે છે. કુરુક્ષેત્રમાં ભવ્ય મહોત્સવના આયોજન સાથે આગામી વર્ષે આખું વર્ષ 'ગીતા જયંતી વર્ષ' તરીકે ઉજવાય તે પણ આવકાર્ય, પરંતુ એની પાછળ રાજકીય લાભ ખાટવાની વૃત્તિ હશે તો એનું ભારે પાતક લાગશે, એ પણ હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે સમજી લેવું જોઇએ.

## સરદાર પટેલના નિર્વાણદિને સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ પ્રમુખનું વ્યક્તવ્ય

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરની સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા તા. ૧૧મી ડિસેમ્બરે ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના નિર્વાણ દિને જાણીતા સાહિત્યકાર અને કાઉન્સિલના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના વ્યક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું છે. આ વ્યક્તવ્ય બપોરે ૩.૩૦ કલાકે સે. ૮ની આદર્શ નિવાસી શાળા (અનુ. જાતિ કલ્યાણ) ખાતે યોજવામાં આવ્યું છે. આ વ્યક્તવ્ય અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલ' વિષય પર યોજવામાં આવ્યું છે. જેનો લાભ લેવા કાઉન્સિલના સભ્યો અને નગરજનોને આમંત્રણ આપવામાં આવ્યું છે.



જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની તૈયારી સાથે આજે જાણીતી ફિલ્મ અભિનેત્રી સ્વરૂપ સંપટ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાનને જિલ્લા પંચાયત સંકુલમાં મળી હતી તે પ્રસંગની તસવીર.

## કડી સંકુલની વિદ્યાર્થીનીઓએ મુન્દ્રા પોર્ટનો શૈક્ષણિક પ્રવાસ ખેડ્યો

### આરજી પટેલ અને એસ.બી. પટેલ કન્યા શાળાની ૭૬ વિદ્યાર્થીનીઓએ પ્રવાસ ખેડ્યો : પ્રવાસનો તમામ ખર્ચ અદાણી ગૃપ દ્વારા ઉઠાવાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના કડી શૈક્ષણિક સંકુલમાં આવેલ આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળા દ્વારા તા. ૪થી થી ૫મી ડિસેમ્બર દરમ્યાન મુન્દ્રા ખાતેના અદાણી પોર્ટના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં શાળાની ૭૬ વિદ્યાર્થીનીઓ અને ૪ શિક્ષકો જોડાયા હતા અને તેમને અદાણી પોર્ટ ઓઈલ મીલ અને એનર્જી પ્રોજેક્ટની મલુકાત કરાવાઈ હતી.

અદાણી પોર્ટ એક સાથે ૧૬ સ્ટીમર લાંગરી શકે તેટલી ક્ષમતા ધરાવે છે અને અહીં દરિયાની ઊંડાઈ ૧૭.૫ મીટર છે. આ મુન્દ્રા પોર્ટ પરથી લાકડુ તેમજ અન્ય પ્રવાહી સરસામાનની આયાત-નિકાસ કરવામાં આવે છે. અદાણી ઓઈલ મીલમાં સુર્યમુખી, મગફળી, કપાસ અને પામોલીન તેલનું ઉત્પાદન કરવામાં આવે છે જેનું ગુજરાત સહિત સમગ્ર ભારતમાં અને આરબ દેશોમાં વેચાણ કરવામાં આવે છે. અદાણી એનર્જી ખાતે વિશાળ થર્મલ પાવર સ્ટેશન થકી તાપ વિદ્યુત પેદા કરવામાં આવે છે. વિદ્યુત ઉત્પાદન માટે કાચો માલ કોલસાને ઓસ્ટ્રેલિયા અને અન્ય દેશોમાંથી આયાત કરવામાં આવે છે. અહીં ઉત્પાદિત વિજળીને ગુજરાત, હરિયાણા અને દિલ્હી જેવા રાજ્યોમાં વિતરણ કરવામાં આવે છે. મુન્દ્રા પોર્ટ ખાતે ૧૫ કિલોમીટર જેટલુ દરિયામાં પુરાણ કરીને વેસ્ટ પોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ તમામ સ્થળોની વિદ્યાર્થીઓને મુલાકાત કરાવાઈ હતી.

આ પ્રવાસમાં વિદ્યાર્થીનીઓને રહેવા-જમવાની સુવિધા પોર્ટ દ્વારા 'શાંતિ વિહાર'માં કરવામાં આવી હતી અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વહેલી સવારે યોગ અને હાસ્યના કાર્યક્રમ પણ યોજવામાં આવ્યા હતા. આ પ્રવાસનો તમામ ખર્ચ અદાણી ગૃપ દ્વારા કરાયો હતો અને વિદ્યાર્થીઓને નિ:શુલ્ક પ્રવાસ કરાવાયો હતો. અદાણી ગૃપના આ આયોજન માટે શાળાના આચાર્યા સુધાબેન સહિત વિદ્યાર્થીનીઓએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે અખિલ ભારતીય મૂલ્કી સેવા લોન ટેનિસ સ્પર્ધા ૨૦૧૪-૧૫માં ગુજરાતની ટીમે -થમવાર ટીમ ઈવેન્ટમાં મેળવેલા સિલ્વર મેડલ માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. આ સ્પર્ધા તાજેતરમાં ભોપાલ ખાતે યોજાઈ હતી. જેમાં વિવિધ રાજયો અને કેન્દ્રીય મંત્રાલયોની ૨૨ ટીમના ૧૬૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ગુજરાતની ટીમના પાંચ ખેલાડીઓ કર્મયોગીઓએ આ રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ દ્વારા -થમવાર ટીમ ઈવેન્ટમાં ફાયનલ સ્પર્ધામાં સ્થાન મેળવી સિલ્વર મેડલ -ાપ્ત કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ ખેલાડીઓને ઉજજવળ ભવિષ્ય અને વધુ ઉત્કૃષ્ટ દેખાવની શુભેચ્છા - આશીર્વાદ પાઠવ્યા હતા.

## ૨૭૧ને પદવી એનાયત

અમદાવાદ, તા.૯

અમદાવાદમાં આવેલ આતંરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત નેશનલ ઈન્સ્ટિયૂટ ઓફ ડિઝાઈન (એનઆઈડી)નો ૩૫મો પદવીદાન સમારંભ આજે યોજયો હતો આ પદવીદાન સમારંભમાં એનાઈડીમાંથી અભ્યાસ પૂર્ણ કરનાર ૧૧૦ સ્નાતક ને ૧૬૧ અજસ્નાતક વિધાર્થીઓને મળીને કુલ ૨૭૧ વિધાર્થીઓને પદવી પ્રમાણપત્રો અને મેડલ અનામત કરવામાં આવ્યા હતા આ પદવીદાન સમારંભમાં જાણીતા પત્રકાર પત્રકાર અને પદમબુષણ એવોર્ડ વિજેતા શેખર ગૃપ્તએ મુખ્ય અલગ તરીકે હાજરી આપીને દિક્ષાન પ્રવચન આપ્યુ હતુ. તેમણે પોતાના પ્રવચનમાં વિધાર્થીઓમાં સર્જાનાત્મકના વિકાસ પાછળ ખાસ ધ્યાન આપવા ઉપર મૂકયો હતો આ ઉપરાંત એનાઈડીના વિધાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ ડેલીગેશન પ્રોજેક્ટનું પ્રદર્શન આવતીકીલે ખુલ્લુ મુકવામાં આવનાર છે જે ૧૪ ડીસેમ્બર સુધી ખુલ્લુ મુકાશે આ પ્રદર્શનને શહેરની જુદી જુદી સંસ્થાના વિધાર્થીઓ અને સામાન્ય લોકો નિરાહી શકશે.

## હરિની દૃષ્ટિ...




બાપુએ પેટન્ટ રજીસ્ટર કરાવી હોત તો...??

## રવિશંકર રાવળ કલાભવન ખાતે શિલ્પકલા પ્રદર્શનનું આયોજન

ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજય લલિતકલા અકાદમીના સહયોગથી તા. ૧૦મી થી ૧૨મી ડિસેમ્બર દરમ્યાન અદાવાદના એલીસબ્રીજ વિસ્તારમાં આવેલ રવિશંકર રાવળ કલા ભવન ખાતે શિલ્પકલા આર્ટિસ્ટ દીપક રાઠોડની કૃતિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. આ પ્રદર્શનનું ઉદ્દઘાટન સ્વર્ણિમ ગુજરાત ૫૦ મુદ્દા અમલીકરણ કમિટીના એક્ઝિક્યુટીવ ચેરમેન આઈ.કે. જાડેજાના અધ્યક્ષપદે તા. ૧૦મી ડિસેમ્બરે સવારે ૧૨ વાગે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના અધ્યક્ષા દર્શનાબેન વાઘેલાના હસ્તે કરાશે. આ પ્રસંગે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના ચેરમેન ડૉ. જગદીશભાઈ ભાવસાર, વાઈસ ચેરમેન ડૉ. હર્ષદભાઈ પટેલ મુખ્ય મહેમાન પદે અને અતિથિ વિશેષ પદે ડેપ્યુટી મ્યુ. કમિશનર સી.આર. ખરસાણ, મ્યુ. સ્કૂલ બોર્ડના શાસના અધિકારી ડૉ. એલ.ડી. દેસાઈ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા તેમજ ઈન્ડિયન લાયન્સના નેશનલ ચેરમેન અક્ષયકુમાર ઠક્કર ઉપસ્થિત રહેશે.

## રાજયમાં પ્રથમવાર ગાંધીનગર જિલ્લામાં નારી અદાલતનું આયોજન

ગાંધીનગર, તા. ૯

રાજય સરકાર મહિલાઓના સર્વાંગીણ વિકાસ માટે હંમેશા તત્પર રહી છે. રાજયમાં સૌ પ્રથમવાર ગાંધીનગર જિલ્લામાં તાલુકાસ્તરે નારી અદાલતનો મહિલાઓના ઉત્કર્ષ, આર્થિક, સામાજિક ઉત્થાન, આરોગ્ય અને તેમના હક્કો-કાયદાકીય જોગવાઈની સમજ આપવાના હેતુથી નારી અદાલતનું રાજય મહિલા આયોગ અને જિલ્લા પંચાયત ગાંધીનગર દ્વારા દહેગામ ખાતે નારી અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે તેમ મહિલા આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબહેન અંકોલીયાએ જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે આયોજિત નારી અદાલતોમાં રાજય મહિલા આયોગના અધ્યક્ષ શ્રીમતી લીલાબહેન અંકોલીયાએ ગાંધીનગર સખી મંડળ, ગ્રામ્ય અને શહેરી વિસ્તારના નારી સંગઠનની બહેનો, મહિલા કોર્પોરેટર, જિલ્લા-તાલુકા પંચાયતના મહિલા સદસ્યશ્રી, મહિલા સરપંચશ્રી અને શાળાની શિક્ષીકા બહેનોને કાયદાકીય જોગવાઈ, મહિલાઓના હક્કો, આર્થિક તથા સામાજિક ઉત્થાનને વેગ અને પ્રોત્સાહન આપવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, આવતી કાલે રોટરી કલબ હોલ કલોલ ખાતે નારી અદાલત યોજાનાર છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબહેન પટેલ, રાજય મહિલા આયોગના સભ્યશ્રી અંજનાબહેન પટેલ, સભ્યસચિવ શ્રીમતી શૈલજા પટેલ, મહિલા બાળ અને યુવા પ્રવૃત્તિ સમિતિના ચેરપરસન શ્રીમતી ડાહીબેન ઠાકોર, તાલુકા વિકાસ અધિકારી, બાળ વિકાસ યોજના અધિકારીઓ, વિવિધ મહિલા સંગઠનના પ્રતિનિધિઓ, પદાધિકારીઓ-અધિકારીઓએ ઉપસ્થિત રહી મહિલાઓ સાથે વિચાર-વિમર્શ કર્યો હતો.

## ગાંધીનગરના ગુરુબ્રાહ્મણ સમાજની પરિચય પુસ્તિકા બહાર પડાશે

### આ સાથે ગુરુ બ્રાહ્મણ સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજના ગાંધીનગર ઘટક દ્વારા નગરમાં વસતા સમાજના કુટુંબોની પરિચય પુસ્તિકા તૈયાર કરવામાં આવી રહી છે. ધોરણ-૧૦ માં ૭૦ ટકા, ધોરણ-૧૨માં ૬૫ ટકા અને ગ્રેજ્યુએટ-સ્નાતક કક્ષાએ પ્રથમ ક્લાસમાં ઉત્તીણ થયેલ વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓનો સન્માન સમારંભ પણ રાખવાનું આયોજન કરાઈ રહ્યું છે. આ કાર્યો માટે સમાજના સભ્યોને સંસ્થા દ્વારા નિયત ફોર્મમાં અરજીપત્રક સાથે માર્કશીટની નકલ તથા પરિચય પુસ્તિકાના ફોર્મ તારીખ ૧૫મી જાન્યુઆરી-૨૦૧૫ સુધીમાં જમા કરાવવા અનુરોધ કરાયો છે.

આ નોંધણી માટે ફોર્મ મેળવવા સમાજના સભ્યોને સે. ૧૪માં મહેન્દ્રભાઈ શ્રીમાળી, વાવોલમાં ત્રિભોવનદાસ શ્રીમાળી, સે. ૨૧ માં કિશોરભાઈ શ્રીમાળી, સે. ૧૩-એ માં કનુભાઈ શ્રીગોડ, સે. ૨-સી માં શિવરામભાઈ શ્રીમાળી, સે. ૪-સી માં ડો. પ્રવિણભાઈ જોષી, સે. ૩-બી માં રાજુભાઈ શ્રીમાળી અને જીતુભાઈ સાધુ તેમજ સે. ૨૪માં ભગવાનભાઈ શ્રીમાળીનો સંપર્ક કરવા જણાવાયું છે.

# મહાન શિષ્યોના અતિ મહાન ગુરુઓ!

## વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

સદીઓ પહેલા ગુરુની આસપાસ અગમ-નિગમનું જ્ઞાન ફેરા મારતું, પછી આવ્યા આચાર્ય જે જ્ઞાનલક્ષી વધુ અને દાનલક્ષી ઓછા અને આજની વાત તો આપણે બધા જ જાણીએ છીએ! દેશને આંતરિક રીતે સક્ષમ બનાવનાર બે વર્ગો હંમેશા અગ્રદૂત બનીને કામે લાગેલા હોય છે. એમાં એક છે ખેડૂત અને બીજો છે શિક્ષક. એકને ઇશ્વર સાથે સીધું લહેણું અને બીજાને ઇશ્વર સાથેથી હમણાં જ છૂટાં પડવાનું થયું છે તેવા બાળકો સાથે રહેવાનું. આજે વધાવીએ એવા જ મહાન શિષ્યોના અતિ મહાન ગુરુઓને.

સતારાના કિલ્લા પર બેઠા બેઠા શિવાજી મહારાજ એક દિવસ સવારે જોઇ રહ્યા હતા કે પોતાના ગુરુજી રામદાસ નગરને બારણે ભિક્ષા માગતા અન્નહીન વસ્ત્રહીન ભટ્કયા કરે છે. રાજા મનમાં થાય છે : અહો! આ તે શું ધતિંગ! ગુરુજીના હાથમાં ભિક્ષાની ઝોળી! જેને ઘર કોઇ વાતની કમી નથી, રાજરાજેશ્વર શિવાજી જેને ચરણે પડ્યો છે, લોકો જેના ખોળામાં બધી સંપત્તિ ધરી દે છે, તેવા એક સાધુની વાસનાનો એ અંત નહીં! વ્યર્થ છે કૂટેલા વાસણમાં પાણી લાવીને તરસ છિપાવવાનું જેમ વ્યર્થ છે, તેમ આ લોભી સાધુની તૃષ્ણા મટાડવા માટે એના હાથમાં રાજલક્ષ્મી ઠાલવવી પણ વ્યર્થ છે. પણ ના, એક વખત એની પરીક્ષા તો કરવી જોઇએ. ખબર પડશે કે આ સંન્યાસીની તૃષ્ણાને તળિયું છે કે નહીં.

એમ વિચારીને મહારાજે કાગળ-કલમ લીધાં, કાગળ પર કાંઇક લખ્યું; બાલાજીને બોલાવ્યો ને આજ્ઞા કરી કે, ગુરુજી જયારે આપણે દ્વારે ભિક્ષા માગવા પધારે ત્યારે એમની ઝોળીમાં આ કાગળ ધરી દેજો. ભિક્ષા માગતા માગતા ગુરુજી ચાલ્યા જાય છે. અંગ ઉપર કોપીન, હાથમાં ઝૂલી રહી છે એક ઝોળી, અને ગંભીર મોંમાંતી ગાન ઝરે છે : હે જગત્પતિ! હે શંકર! સહુને તમે રહેવાનાં ઘર દીધાં, મને જ માત્ર રસ્તે ભટકવાનું સોંપ્યું. માડી અન્નપુર્ણા સચરાચર સર્વને પોતાને હાથે ખવડાવી રહી છે. તમે જ હે પરમ ભિખારી! મને એ મૈયાના ખોળામાંથી ઝૂટવી લઇને તમારો દાસ બનાવી દીધો, આ ઝોળી લેવરાવી, તમારી માયા, પ્રભુ!

ગાન પુરું થયું. ગુરુજી સ્નાન કરી કિલ્લાને દરવાજે આવ્યા. બાલાજીએ નમન કરીને એનાં ચરણમાં છત્રપતિની ચિઠ્ઠી મેલી. ગુરુજીએ પત્ર વાંચ્યો, પત્રમાં લખ્યું હતું કે, ગુરુદેવ! આજથી આખું રાજ્ય હું આપને ચરણે ધરી દઉં છું. હું આપને આધીન થાઉં છું. ગુરુજી હસ્યા. બીજે દિવસે પોતે શિવાજી મહારાજની પાસે ગયા અને બોલ્યા, હે બેટા! રાજ મારે કબ્જે સોંપી દીધું તેથી તું મારા રાજયમાં શું કામ કરીશ! તારામાં શી શી શક્તિ છે વત્સ?

શિવાજી મહારાજે નમન કરીને જવાબ વાળ્યો, તમે કહો તે ચાકરી કરવામાં હું મારા પ્રાણ સમર્પિશ. ગુરુજી કહે ના : ના રે ના, તારા પ્રાણની મને જરૂર નથી. ઉપાડી લે આ ઝોળી, અને ચાલ મારી સાથે ભિક્ષા માગવા. હાથમાં ઝોળી લઇને શિવાજી ગુરુદેવની સાથે દ્વારે દ્વારે ભટકે છે. મહારાજને દેખી નાનાં બચ્ચાં ઘરની અંદર દોડી જાય છે અને એ તમાશો જોવા પોતાનાં માબાપને બોલાવી લાવે છે. અખૂટ વૈભવનો ધણી, બાદશાહોને પણ ધ્રુજાવનારો બહાદુર, અપરંપાર અનાતોનો સ્વામી શિવાજી આજ ઝોળી લઇને નીકળ્યો છે. એ જોઇને શીલા સમાન હૈયા પણ પીગળી જાય છે. લોકો લજ્જાથી નીચે મોંએ ભિક્ષા આપે છે. ઝોળીમાં અનાજ નાખતાં હાથ થરથરે છે. નગર આખું વિચારે છે કે વાહ હે મહાપુરુષોની લીલા!

દુર્ગની અંદર બપોરના ડંકા વાગ્યા, ને કામકાજ છોડીને નગરજનો વિસામો લેવા લાગ્યા. ગુરુ રામદાસ તો એકતારા ઉપર આંગળી ફેરવતા ગાન ગાતા જાય છે. શું હતું એ ગાન! હે ત્રિલોકના સ્વામી! તારી કલા નથી સમજાતી. તારે ઘેર તો કશી યે કમી નથી. તો એ માનવીના હૃદયને હૃદેય આમ ભિક્ષા માગતો કાં ભટકે છે, ભગવાન? તારે ત્યાં શાનો તોટો રહ્યો, સ્વામી? કંગાળ માનવીના અંતરમં તેં એવી શી શી દોલત દીઠી, કે એ મેળવવા માટે પ્રત્યેકની પાસે તું કાલાવાલા કરી રહ્યો છે, રામ? ગુરુ ગાતા ગાતા રખડે છે. શિવાજી પાછળ પાછલ ચાલ્યા જાય છે. આખરે સાંજ પડી, નગરની એક બાજુ નદીને કિનારે સ્નાન કરીને ગુરુએ ભિક્ષામાં આણેલું અનાજ રાંધ્યું. પોતે લગાર ખાધું, બાકીનું શિષ્યો જમી ગયા.

શિવાજીએ હસીને કહ્યું, : 'રાજપદનો ગર્વ ઉતારીને તમે આજે મને ભિખારી બનાવ્યો છે, હે ગુરુદેવ! તો હવે બોલો, ફરમાવો, બીજી શી શી ઇચ્છા છે?' ગુરુદેવ બોલ્યા : 'સાંભળ ત્યારે, મારે માટે પ્રાણ અર્પવાની તેં પ્રતિજ્ઞા કરી છે. તો હવે ઉપાડે લે મારો ભાર. આજ આ નાની ઝોળીનો ભાર નથી ઉપાડવાનો, આ નાનકડી નગરીમાં નથી ભટકવાનું. આજે તો મારે નામે, મારો પ્રતિનિધિ બની ફરી વાર રાજગાદી સંભાળી લે, બેટા! મારું સમજીને રાજય રક્ષજે. રાજા બન્યા છતાં યે હૃદય ભિક્ષુકનું રાખજે. લે, આ મારા આશીર્વાદ, અને સાથે સાથે મારું ભગવું વસ્ત્ર, વૈરાગીના એ વસ્ત્રનો રાજધ્વજ બનાવીને તારા કિલ્લા પર ચડાવી દેજે. આજથી આ રાજય નથી; એને ઇશ્વરનું દેવાલય સમજજે, જા બેટા! કલ્યાણ કર જગતનું. એ મનોહર સંધ્યાકાળે, ગીતો ગાતી એ નદીને કિનારે નીચુ માથું નમાવી શિવાજી શાંત બેસી રહ્યા. લલાટ ઉપર જાણે ફિકરનાં વાદળાં જામી પડ્યાં. ગોવાળની વાંસળી થંભી ગઇ. ગાયો ગામમાં પહોંચી ગઇ. સૂર્ય પર સંસારને સામે કાંઠે ઊતરી ગયો. શિવાજી મહારાજ સ્તબ્ધ બનીને બેસી જ રહ્યા. લૂંટારો બનીને રાજય ચલાવવું સહેલું હતું, પણ આજ સાધુ બનીને શી રીતે બેશાશે?'

નદીને કિનારે પર્ણકુટીમાં તો તંબૂરાના તાનમાં ગુરુદેવનાં પૂરબી રાગિણીનાં ગાન ગુંજી ઊઠ્યા હતા : મને રાજાના શણગાર સજાવીને સંસારમાં બેસાડ્યો, ને તમે તો છુપાઇને છેડે જઇ બેઠા! તમે કોણ છો, હે રાજાધિરાજ? મેં તો તમારી પાદુકા આણીને તખ્ત પર પધરાવી છે, પ્રભુ! હું તો તમારા પગના બાજઠ પાસે જ બેઠો છું. સિંહાસન પર મારું આસન હોય નહીં, હરિ! હવે તો આ જિંદગીની સંધ્યા આવી પહોંચી. હવે કયાં સુધી બેસાડી રાકશો, રાજા? હવે તો આવીને આપનું રાજય સંભાળી લો, સ્વામી! શિવાજી મહારાજે એ ગાન સાંભળ્યું અને ભગવા ઝંડાને જગત પર અમર બનાવ્યો.

(ક્રમશઃ)